ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૩૬૦૦૩૪૨-૪૩,
૨૬૩૦૦૧૨૬
ટેલિગ્રામ : યુનિગુજરાત
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બૉક્સ નં. ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY
(NAAC Accredited B++)
www.gujaratuniversity.ac.in

Fax : (079) 26302654
Telephone : 26301341-26300342-43, 26300126
Telegram : UNIGUJARAT

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. 4010
NAVRANGPURA,
AHEMEDABAD

પરિપત્ર : ૨૩૬

નં.પરીક્ષા/૪-અ / ૫૧૩૮૮ /૨૦૨૪
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
અમદાવાદ:૦૯,
તા.28/08/2024

ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન ઓડીયોલોજી એન્ડ સ્પીચ લેન્ગવેજ પેથોલોજી કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, ઓડીયોલોજી એન્ડ સ્પીચ લેન્ગવેજ પેથોલોજી અભ્યાસક્રમની પરીક્ષા ચાલુ થવાની તારીખ, ઇન્ટર્નલ માર્ક્સ મોકલવાની છેલ્લી તારીખ તથા આવેદનપત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ નીચે મુજબ રાખવામાં આવેલ છે. જેની લગતા વળગતા સૌએ નોંધ લેવી.

| SR. NO. | EXAMINATION | BATCH | 1) Date of starting of examination 2) Last date to submit internal marks | Last date to upload and physically submit form/dissertation to the University | Last date to upload and physically submit the exam form with late fee of Rs. 500 per student | Start date to upload the exam form by Gujarat University on GU Portal |
|---|---|---|---|---|---|---|
| 1) | B.ASLP Semester III Examination | Casual | 19/11/2024 Tuesday | 21/10/2024 Monday | 28/10/2024 Monday | 19/09/2024 Thursday |

૧. પ્રત્યેક કોલેજે ઇન્ટર્નલ માર્ક્સ ગુજરાત યુનિવર્સિટીની વેબસાઈટ ઉપર મુકેલ નિયત નમૂનામાં/ ઓનલાઈન જ મોકલવાના રહેશે. પરીક્ષા ફોર્મ પરિપત્રમાં જણાવેલ નિયત સમયમર્યાદા બાદ મોકલેલ ઇન્ટર્નલ માર્ક્સ ગણતરીમાં લેવામાં આવશે નહિ. લઘુતમ ઇન્ટર્નલ માર્ક્સ / હાજરીને કે અન્ય કોઈપણ નિયમોના કારણે જે વિદ્યાર્થીઓને પરીક્ષામાં બેસવા દેવાના નાં હોય તેની માહિતી અલગથી થીયરી પરીક્ષા શરૂ થવાના ૧૦ દિવસ પહેલા મોકલવાની રહેશે. પ્રત્યેક કોલેજે દ્વારા એક વખત જે ઇન્ટર્નલ માર્ક્સ મોકલવામાં આવ્યા હશે તેમાં પાછળથી કોઈપણ સંજોગોમાં ફેરફાર કરવામાં આવશે નહિ.

૨. આથી ખાસ નોંધ લેવી કે કોલેજના ડીનશ્રીઓ / આચાર્યશ્રીઓ દ્વારા જે ઇન્ટર્નલ માર્ક્સ યુનીવર્સીટી માં મોકલવામાં આવે છે તે માર્ક્સ જ વિદ્યાર્થીઓને બતાવવા માટે કોલેજના નોટીસબોર્ડ / વેબસાઈટ પર ફરજીયાતપણે મુકેલા હોવા જોઈએ. આ બાબતે વિદ્યાર્થીઓની ફરિયાદ હોય તો તેનું નિવારણ કરવાની

ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૩૬૦૦૩૪૨-૪૩,
૨૬૩૦૦૧૨૬
ટેલિગ્રામ : યુનિગુજરાત
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બૉક્સ નં. ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY
(NAAC Accredited B++)
www.gujaratuniversity.ac.in

Fax : (079) 26302654
Telephone : 26301341-26300342-43,
26300126
Telegram : UNIGUJARAT

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. 4010
NAVRANGPURA,
AHEMEDABAD

તમામ જવાબદારી કોલેજ સત્તાવાળાઓની રહેશે. જો કોલેજ સત્તાવાળાઓને કોઈપણ સુધારો કરવાનો થતો હોય તો તે સુધારો કરીને પછી જ યુનિવર્સિટીને મોકલવાના રહેશે. જેથી પાછળથી ઇન્ટર્નલ માર્ક્સ સંબંધિત કોઈપણ પ્રકારની વિસંગતતા ઉભી ના થાય. એક વાર ઇન્ટર્નલ માર્ક્સ યુનીવર્સીટીમાં મોકલી આપ્યા બાદ એ સંબંધિત કોઈપણ પ્રકારની સુધારા બાબતની અરજી ગ્રાહ્ય રાખવામાં આવશે નહી તેની ગંભીર નોંધ લેવી.

૩. પોતાના ઇન્ટર્નલ માર્ક્સ ચેક કરવાની જવાબદારી જે-તે વિદ્યાર્થીની પોતાની રહેશે. ઇન્ટર્નલ માર્ક્સ બાબતે કોઈપણ વિદ્યાર્થીને ફરિયાદ જણાય તો તેની જાણ તાત્કાલિક કોલેજ સત્તાવાળાઓને કરવાની જવાબદારી જે તે વિદ્યાર્થીની રહેશે. જો કોલેજ ઓથોરોટી દ્વારા ઇન્ટર્નલ માર્ક્સ ડિસ્પ્લે ન કર્યા હોય કે વિદ્યાર્થીએ માર્ક્સ બાબતની ફરિયાદ કોલેજ ના વડાને કર્યા બાદ પણ કોલેજ દ્વારા ઇન્ટર્નલ માર્કસને લગતી ફરિયાદનું નિવારણ કરવામાં આવેલ ન હોય તો વિદ્યાર્થીએ ગુજરાત યુનિવર્સીટી ને તેની તાત્કલિક જાણ કરવાની રહેશે.પરંતુ જો કોઈપણ વિદ્યાર્થીએ પોતાના ઇન્ટર્નલ માર્ક્સ વેરીફાય કર્યા નહિ હોય અને યુનિવર્સીટી પરીક્ષા પૂર્ણ થયા બાદ સુધારવા બાબતે અરજી કરશે તો યુનિવર્સીટી દ્વારા પાછળથી કોઈપણ સંજોગોમાં ઇન્ટર્નલ માર્ક્સ સુધારવામાં આવશે નહિ જેની ગંભીર નોધ લેવી.

૪. જે વિદ્યાર્થી રેગ્યુલર પરીક્ષામાં નાપાસ થયા બાદ જયારે રીપીટર તરીકે યુનિવર્સીટી પરીક્ષા આપે ત્યારે રીપીટર વિદ્યાર્થીઓ માટે પણ પ્રીલીમનરી પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરવો અને નોટીસ બોર્ડ પર મુકવો. કોઈ પણ રીપીટર વિધાર્થીએ પ્રીલીમનરી પરીક્ષા આપવી હોય તો તે આપી શકશે અને ત્યારબાદ નવા ઇન્ટર્નલ માર્ક્સ યુનિવર્સીટીને મોકલવા. પરંતુ જો કોઈ કિસ્સામાં જુના ઇન્ટર્નલ માર્ક્સ સારા હોયતો તે મોકલવાના રહેશે (Best of two). જો રિપીટર વિધાર્થી છેલ્લી પ્રીલિમિનરી પરીક્ષા ન આપે તો જૂના ઇન્ટર્નલ માર્ક્સ મોકલવાના રહેશે.

૫. આથી તમામ કોલેજના વડાને ખાસ જણાવાનું કે Council/ University ના લઘુતમ ઇન્ટર્નલ માર્ક્સ / હાજરી કે અન્ય કોઈપણ નિયમો ના કારણે જો કોઈ વિધાર્થીનું પરીક્ષા ફોર્મ રોકીને તેને જે-તે વિષયની પરીક્ષામાં બેસવા દેવાનો ન હોય તો તે અંગેની લેખિત જાણ વિધાર્થીને અને યુનીવર્સીટીને ઓછામાં ઓછા ૧૦ દિવસ પહેલા અચૂક કરવાની રહેશે. આવા કેટલાક કિસ્સાઓમાં સંસ્થા દ્વારા વિધાર્થીને પરીક્ષા ન આપવા દેવાની જાણ ન કરવાથી છેલ્લી ઘડીએ ચાલુ થીયરી પરીક્ષામાંથી યુનીવર્સીટી દ્વારા વિદ્યાર્થીને ઉઠાડવામાં આવતા વિદ્યાર્થી માનસિક આઘાત પામે છે, અને કોઈ અઘટિત પગલા ભરવાની શક્યતા રહે છે. આથી જે-

ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૩૬૦૦૩૪૨-૪૩,
૨૬૩૦૦૧૨૬
ટેલિગ્રામ : યુનિગુજરાત
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બૉક્સ નં. ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY
(NAAC Accredited B++)
www.gujaratuniversity.ac.in

Fax : (079) 26302654
Telephone : 26301341-26300342-43,
26300126
Telegram : UNIGUJARAT

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. 4010
NAVRANGPURA,
AHEMEDABAD

તે સંસ્થા / વિષય / વિભાગના વડાએ આ પ્રકારના કિસ્સામાં ઓછામાં ઓછા ૧૦ દિવસ પહેલા વિદ્યાર્થીને મૌખિક અને લેખિત જાણ અચૂક કરવાની રહેશે અને આવી જાણ નહિ કરવામાં આવે તો તેની જવાબદારી જે-તે સંસ્થાના વડાની રહેશે.

૬. અનુસ્નાતક અભ્યાસક્રમો માટે ગુજરાત યુનિવર્સિટીએ જાહેર કરેલ ડેઝર્ટ્શન મોકલવાની છેલ્લી તારીખ બાદ કોઈપણ સંજોગોમાં ડેઝર્ટ્શન સ્વીકારવામાં આવશે નહી.

૭. ઉપરોક્ત જાહેર કરેલ Late Fees સાથે પરીક્ષા ફોર્મ સ્વીકારવાની છેલ્લી તારીખ બાદ કોઇપણ સંજોગોમાં પરીક્ષા ફોર્મ સ્વીકારવામાં આવશે નહી.

આ પરિપત્રનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે અને તમામ વિધાર્થીઓને ધ્યાનમાં લાવવા જરૂરી કાર્યવાહી કરશોજી.

પરીક્ષા નિયામક

પ્રતિ,

<u>ઓડીયોલોજી એન્ડ સ્પીચ થેરાપી કોલેજ</u>

1) આચાર્યશ્રી, ઓડીયોલોજી એન્ડ સ્પીચ થેરાપી કોલેજ ,જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ કેમ્પસ,
   સોલા,અમદાવાદ
2) આચાર્યશ્રી, ઓડીયોલોજી એન્ડ સ્પીચ થેરાપી કોલેજ, પેરાપ્લેજીયા સેન્ટર,સિવિલ હોસ્પિટલ, અમદાવાદ